શ્રી ગણેશાયનમઃ

અંબાજીના છંદની ચોપડી.

ભાગ ૨જો.



રચી પ્રસિદ્ધ કરનાર.
શા. અમીચંદ મોતીચંદ ઝવેરી.

દોહરો.

અંબા અંબા સહુ જપો, અંબાનામે સુખ થાય;
ભ્રમણાં ભાંગે મનતણી, ને પુરણ પદને પાય.

સુરત "ન્યુ" સોદાગર પ્રેસ
સંવત ૧૯૫૭ • સને ૧૯
કીમત પાંચ આના

શ્રીગણેશાયનમઃ.

દોહેરો

ગવરી સુત ગણેશ તું, વંદું વારંમવાર;
સમરૂ માતા સારદા, બુદ્ધી તણો દાતાર. ૧
આરાધું આદ્યઇસ્વરી, અખંડ ભોવનના ઇશ;
ગુણગાવું અંબાતણા, પ્રેમે નમાવું શીશ. ૨
ધ્યાન ધરી મા છંદ કરૂ, મદત તમારી લઇ;
ભેદ ભાંગો ભ્રમણાતણો, તો ભીતર બીજું જઈ. ૩
જ્ઞાને ધ્યાન લાગી રહ્યું, માજી માજી છંદ ગાઇ;
આશ્ર ઘણું ભગતન તણું, બીજા ભાગને માહી. ૪
બીજો ભાગ બાહાર પાડીયો; ભક્ત જન લેજો સાર;
ખરીદ કરો ખુશી થૈ, જશે પૈસા ધર્મ દુવાર ૫
નીર્ગુણ શીર્ગુણ છંદ બાંધીઆ, ચડી ઉલટ સમાધી મન;
કાનો માત્ર કાંઈ ભુલ હોએ, સુધારી ગાજો છંદ. ૬
સુરત શેહેર રણીઆમણું, આમલીરાન મારો વાસ;
શેવક અમીચંદ કહે, મા પુરો સૌની આસ. ૭

છંદ ૧

સકલ સભામે સમરૂ આવો ગંન, સંકરકે ફરજન," દેના દરશણુ ગંન દુઃખ ભનજન, ગન કરૂ તમારી પુજા એક ચીત રાખી બેઠો તનમન; ઉડે ફુલ ખસબોઈ અતર શુંધંન; ધન ઘડી ધન દીવસ આજનો થાય તારૂ દરશણુ, બદન પર સીંધુર ચડે લેપન, જમણી સૂઢ ગણુપતી સોભે તેરી અંખીયોમે અંજન. દેના દરશણુ ગંન ચોક ૧.

આદ્ય અંતે અંબામાં પ્રગટયા. નિરાકાર નિરગુણુ, બ્રહ્મા વિષ્ણું શંકર ત્રિગુણુ; એ કોઈનાસાં ફેર નહીં માયે કીધા સરૂપ ધારણુ, રચવા સૃષ્ટીને કારણુ;એ માયા જાળમાં પડી અંધારી ફેલી ગયો શીરગુણુ. દેના દરશણુ ગંન. ચોક ૨

સ્ત્રયોમા સંસાર સાગરનો પાર નહીં જડન, ડુબી સો એમાં અરાડે વરણુ, શેજનથી સંસાર પાર ઉતરવું ઘણું કઠણુ; કરે એકચીત અંબાનું રટન, એહી નામશે તીરે ભવ–સાગર ગીટે આવા ગવન દેના દરશણુ ગંન. ચોક, ૩

માહારાજગીર ગયે ભુખણુદાશ. તે આવ્યા તમારે શરણુ, દેજો દરશણુ થઇને પ્રસન્ન, જુઠી માયા સંશારની ખોટી સાચુ તારૂં સ્મરણુ; હાથ જોડી કેહેછે અમીચંદ. ભગતી ભાવશે ભજ્જા માજીતને સમરે સૌ જગ્તન, દેના દરશણુ ગંન. ચોક ૪

૭૬ ૨

નીરસળ નામ અંબામાં તમારૂં, ધ્યાન ધરૂં મા લેજો સલામ; શક્તિ રૂપે તમે જ્યાંજ્યાં વશોછો, ત્યાંત્યાં તમને કરૂં પ્રણામ. નમુ નીરાકાર ઈચ્છા શક્તિને બ્રહ્મા વિષ્ણુ શંકર ત્રીગુણ, નમુ ૐ સબ્દ ધુંનધુન કાર જ્યાં શક્તિછે સુન માં સુન; નમુ જમ ઈંદ્રમાં શક્તિ પાણીમાં છે રાજા વરૂણ, તે શક્તિથી રાજ ભોગવે હરનીશ ગાય અંબાના ગુણ; નમુ શક્તિથી સૃષ્ટી રચી તમે કઈક ભગતના કીધા કામ શક્તિ રૂપે તમે જ્યાંજ્યાં વસો છો, ત્યાં ત્યાં તમને કરૂ પ્રણામ. ચોક ૧

નમુ શક્તિ રૂપે તું જ્યાંછે, નમુ શક્તિથી રહ્યો સંસાર. નમુ નવદુર્ગા નવખંડ પૃથ્વી, નવ કુલ નાગ કરે પુકાર; નમુ શક્તિ જે શેષ નાગમાં ફેણુપર પૃથ્વીનો ઝીલ્યો ભાર, નમુ શક્તિથી માર્યા દૈત્યને. વિષ્ણુ સંગતોધરી અવતાર, તનમાં રમેતું મનમાં રમેતું સઘળે વ્યાપીક ઠામેઠામ, શક્તિ રૂપે તમે જ્યાંજ્યાં વશોછો. ત્યાંત્યાં તમને કરૂં પ્રણામ ચોક. ૨

કળી કાળમાં સાચી દેવી ચંડીકા ચાચર વાળી, નમુ નર્બદા ગંગા જમના; તે શક્તિથી જાય ચાલી; નમુ ચંદ્ર સુરજમાં શક્તિ. કરે દુનિઆની રખેવાળી. નમુ નમુ નીચો વલી વલીને. અંબામા બહુચર બાળી. હવે અંતર નરાખો અંબા

માં, મારે તારા દરશણનું કામ. શક્તિ રૂપે તમે જ્યાજ્યાં વશોછો ત્યાં ત્યાં તમને કરૂં પ્રણામ. ચોક. ૩

એક ત્રીશુળ બીજે લીનો દીપો, ત્યાં તો માજી તમારો વાસ; આજ આનંદ ભેર કરૂં સ્મરણ. મને દરશણ દો મારી પુરો આસ. તનમનમાં રમ રહી મંમાયા. તેરે દરશણ બીન રહ્યું ઉદાસ, અંબા નામ ભજું મુખ જ્યાં જાઉં ત્યાં. કર જોડી કહું તારો દાસ; અમીચંદ કહે હાથ જોડી, મને દરશણ આપો હાંને ઠામ, શક્તિ રૂપે તમે જ્યાં જ્યાં વસોછો, ત્યાંત્યાં તમને કરૂં પ્રણામ. ચોક. ૪

છંદ ૩

આવો અંબા અલબેલા વેહેલા મા મને વિસારો કેમ; ઘટે નહીં તમને માજી એમ, કાંઈક ભક્તની લાજ રાખી, કીધા સ્વરૂપ ધારણ. રચવા સૃષ્ટીને કારણ, આપ નિરંજન નીરાકાર સર્વ દૈત્ય સંહારણ, એવા તમે છોજી જગત તારણ, નમું તમારે ચરણ સરણમાં રાખો આણીને પ્રેમ, ઘટે નહીં તમને માજી એમ. ચોક ૧

ત્રણ ગુણ ત્રણ સ્વરૂપ તમે જોગ મઈયા જુગદાતા, તેરા ગુણ એક ચિતશે ગાતા; પિતા જગત કે શિવજી ભોળાં. ડમરૂ બજાતા, તમે જનુંની જવાળા માતા. હું અલ્પ

આયુશનો ધણી કરી મેર દ્રષ્ટી રાખો માં રહેમ, ઘટે નહીં તમને માજી એમ. ચોક ૨

નઠારો પણ તારો કહેવાયો, પુરો આશા માહરી, મારા અવગુણ દ્યો વિસારી; છઉ તમારો દાસ આશામાં મને મોટી તારી, તમે જગતનકે આધારી. હું મુંઢમતી અજ્ઞાન ભાન મને પડતું જશે જેમજેમ, ઘટે નહીં તમનેમાજી એમ. ચોક ૩

વ્યાપી માયા દેધંબર તું મારી, સઘળે ફેલાઈ ફીરે તેરી નવખંડમે દુવાઈ; પરભવની જોઈ કરણી વીધાત્રા, લખે કર્મામાંહી, આવી તે ભોગવું જુગમાઈ, અમીચંદ કેહે ચાલીશ હવે તમે બુદ્ધી આપશો તેમ. ઘટે નહી તમને માજી એમ. ચોક ૪

છંદ ૪

ભજું માહાકાળી, માહાકાળી મારી વાલી; પડે સંકટે આવે ચાલી, ભજું મહાકાળી. જગ્તનીમાતા તું માતા મારી બેલી, સમરૂ ત્યાંરે આવે વેહેલી:વેહેલી; મંત્ર તાહારા જપતાં. ઓમાં મંત્ર તાહારા જપતાં, તારા જપતાં જાપ ચેલી; ભગતને સમરે આવે વેહેલી. દયાળી એવી, ઓમાં દયાળી એવી. એવી કલકત્તા વાળી,પડે સંકટે આવે ચાલી, ભજું માહાકાળી. ચોક ૧

કોને જઈ કહીએ, કહીએતો નથી વળતું; કે મન નું દુઃખ નથી ટળતું, ઓચીંતું આવે. ઓમાં ઓચીંતું, આવે આવે દુઃખજ ઉછળતું, કલેજુ પળપળમાં બળતું; કોણ બુજાવે, ઓમાં કોણ બુજાવે; બુજાવે અંબાકાળી, પડે સંકટે આવે ચાલી. ભજું માહાકાલી. ચોક ૨

કાળીદાશ કીધો, કીધો કાળીદાશ કવિ; થયો પંડીત અનુભવી, જગતમાં જાહેર. ઓમાં જગતમાં જાહેર. જાહેર જીભે લખાવી, પડયો પ્રકાશ ઉગ્યો રવિ, એવીતું કાળી; ઓમાં એવી તું કાળી કાળી પાવાવાળી, પડે સંકટે આવે ચાલી. ભજું માહાકાળી. ચોક ૩

છોડાવો કુસંગતી, ઓમાં છોડાવો કુસંગતી, સંગતી થી થયો નિરાશ; હારી હવે આવ્યો તમારી પાસે, કેહેવાયો તારો ઓમાં કહેવાયો તારો તારા દાશ તણોહું દાસ, કરી મેર દ્રષ્ટી પુરો મારી આસ; અમીચંદ સમરે ઓમાં અમીચંદ સમરે મા સમરે માહાકાળી, પડે સંકટે આવે ચાલી; ભજુ માહાકાળી. ચોક ૪

છંદ ૫

સુણ મેરી માતા, ભકતનકી વાતા; તેરા ગુણગાતા, જડ સુખ પાતા. અંબે દયાળી, બહુચરબાળી. કર રખેવાળી તું જુગદાતા; પેરીમા સાડી. બેઠેમાં ગાદી દોલત જાદી. તેરાહુ

બાલે, પકડકે આયે ચોરોકું લાએ તુજેદીલાએ કરકે સ–
વાલે; કામેહે ક્રોધે લોભોકુ સોધે મુજેના હોવે લાચાહુ
ઝાલે, મોહુમદ આગે દેખકે ઓલાગે જાવેગા ભાગે અબ
તુમ સમાલે; સબી તોફાને કરતે હેરાને મુક્કાતે ધાને જાપ
ઝપાતાં, અંબે દયાળી બહુચર બાળી કર રખેવાળી તું જુ
ગદાતા. ચોક ૧

ચારોશે દ્વારે હુવે નાચારે કરકે પોકારે અંબામાં કેહુ
ઝટપટશે આવો મુંજે બચાવો ચોરોકુસાવો બતાતે મે હું;
લોભેહે બુરે કામી અધપુરે મોહોમદ હજુરે બતાકે દેવું,
ક્રોધ એ ઘેડો લેછે મા કેડો ઉતારો બેડો પારે મા કહુ. ઓતેરી
માયા કચીહે કાયા પાપવસાયા ધાન ભગાતા; અંબેદયાળી
બહુચરબાળી કરરખેવાળી તું જુગદાતા. ચોક ૨

આફીન તેરા ઉંવાનીકો મેરાં મીટાડો ફેરા લખચોરા
શી, ભટકે આવે પાલવ સાહે તીરથ પાયે ગંગા તું કાશી;
મેરી તું મઈઆ જુગમે ગવઈયા સરણમે રહીઆં હુ વિસ–
વાશી, તુંજે સમરતે ધ્યાનજ ધરતે સંસારથી સરત જાતેમે
નાશી; ચોરોજે છુટે મુજેતો લુટે કરમ ફુટે નહીં સધાતા; અંબે
દયાળી બહુચરબાલી કર રખેવાળી તું જુગદાતા. ચોક. ૩

હોની માં દરશણ, થાઓની પ્રસંન કરૂજ સમરણ
અંબે તું મેરા, તેરા મે દાશે, પુરોની આશે પાપજ
થાશે પ્રલ્લે હમેરા; ઘટઘટ મેં વાપો દરશણ આપો

પાવજ કાપો ચોરાચાશી ફેરા, તમે મટાવો મદતે આવો દયાજ લાવો ભકત તુમેરા; કે અમીચંદ્દે માજીકા છંદે રેહેતે અ.ણુ હૈ ગુણ તેરાગાતા, અંબેદયાળી બહુચરબાળા કર રખેવાળી. તુ જુગદાતા. ચોક. ૪

છંદ ૬

—○—

આએ આ... માસ આનંદ ઉલ્લાશ દરશનકી આસ અ ણાતારી, નવરાત્રી નવ મળી શકિત સર્વ દૈત્યોકા ગર્વ ઉતાર નારી. હીલ મીલ મનસુખોકરે આનદમાં ફરે ધરે સોભના સણગાર, પાંઉમે પેજન નાકમે નથન ચમકે છે રત્ન કરેછે ઝળકાર. ગલેમેહાળ મોતનકી, માળ કાનોમે ... શોભેછે અપાર; ઓડી કસબી સાલ, ચાલે હંસકી ચાલ અહો અહો સવાલ બોલે છે અપાર.

ફેંકતો.

આવી અંબાસજી સણગાર સોળે, સર્વ શકિતમળી છેટોળે; અહો અહો સબ્દ મુખથી બોલે. ચાચર ચોકમાં ચાલી, હેતીમાં તાળી કાળી ખપર ધારી. નવરાત્રી નવ મળી શકિત સર્વ. ચોક ૧

આવી માતા અનપુરણા, તેમાં શીમણા, વેણા વાગે મુખપર; હીંગલાજ આજ ખુબ સજી સાજ; વાજીત્ર વાગે

છે પાઉ ઝાંઝર, સાચી દેવીશંગ શીતલા ઉમંગ ઉડાતી. રંગહાથ મે છે ખપર; શીકોત્રા માત હરશીધ સાથ દેત્યોકા ડાટ વાળે છે જબર.

દે કતા'

આસાપુરી તરપના ભવાની. ત્રણુ લોકમાં તુને વખાણી. તારી માયા કોઈએ નહીં જાણી, મળી દેવી સઉ આતી ગરબા ગાતી રાતી અંખીઆ તારી; નવરાત્રી નવ મળીં શકિત સર્વ. ચોક ૨

ચાચર ચોકમાં આવે, ધુન મચાવે ભાવે મુખથી ગાતી, વાજે વાજીંત્ર સંગ વેણુ ઉપંગ બાજે મૃદંગ ફરે હરખાતી; ફરે માજી ફુદડી પસીને બુડી પલી ચુંદડી જાતી, થાતી મગન બોલે વચન ગાયેરાગ રાગણી ફરે મદમાતી.

દેકતા.

થઇ સૌને આનંદની હેલી, ગાય ગરબો અંબા અલબેલી, ભગ્ત મદદતું આવજે વેહેલી હાથો હાથ લેતાળી બહુચરબાળી વાલી અંબા મારી. નવરાત્રી નવમળી શકિત સર્વ. ચોક ૩

શિંહ કરે થઇકારે, વેણુ લલકારે જગ્ત આધારે શોભા થઈ અનમુલે, કરગરી કહું હાથ જોડી રહું તારૂં નામ લઉં નહીં જાઉં ભુલે; ગરબા ગાઈ રહી; થાનકે ગઈ તહીંથી બીલકુલે. મારા કાપો પાપ, સણુદ્ધિ આપ, તારા જપું જાપ, કરો કબુલે.

દુકતા.

તું સૌની માજીછે વાલી, અંબામાંતુ બહુચરબાલી; જગતમેં માયા મોહેણી દાલી. અમીચંદ કહે, ધરૂ માત સમરૂં; કરૂં આશા વારી, નવરાત્રી નવમળી શકિત સર્વ. ચોક ૪

છંદ ૭

માટું સુરતમાંછે ધામ, અંબામાતા તારૂ નામ; કીધો ધીઆ ફળીએ મુંકામ, તારી છબી ન્યારી. દેરૂ શીખર બંધુ બીરાજે, જમણી બાજુ ગણેશ ગાજે; ઘંટા નોબત ઘડીઆલ બાજે, સોર ચલા ભારી. દુનીઆ દરશણ કરવા આવે માને ચરણે શીશ નમાવે મ માયાના ગુણ ગાવે ખલખત સારી, ડાબી પાશે બહુચરમાત તમે સાંભળો મારી વાત જોડી જોડી કરૂં હાથ વિનતી તારી; આવે ક્યાં ક્યાંના લોક ચાલી દરશણ કરે કઠેરા ઝાલી મુખડું જુવે નિહાળી નિહાળી તારી બલિહારી, કરે દરશણ સારી ખળકે હીરા મુખડા ઉપર ઝલકે માના શણુગાર સોલે ઝલકે શોભા ભારી; બાજે પાઉંપાયલ પેજન તારી આંખોમે અંજન ચુડો ચલકે ખન ખન ખપર ધારી. દેરૂં શીખર બંધુ બીરાજે. ચોક ૧

કંઠે રત્ન કરે ઝમકાર, માણેક મોતીના છે હાર,

તીલડી શોભે અપરમપાર નાકમે વાળી, પેરયાં કુંડલ કાનો માંહી શીર મુગટમાં મણા નહીં શોભે છુટી લટા રહી નાગણ કાળી; શીર પર છત્રી છે અણમુલ ન રહી શોભાની કંઈ ભુલ ખીલ્યાં તરેહ તરેહનાં ફુલ ભરી ખુબ જાળી, બાંધી તકતાની છે હાર હાંડી સોભે અપરમ પાર સજાવ્યાં ઝાડનો છે બહાર જુએ સૌ ન્હાળી, બ્રાહ્મણ વાંચે ચંડી પાઠ લોકો ઉભા જોડી હાથ સૌ સમરે અંબે માત ખલખત સારી. દેરૂં શીખર બંધુ બીરાજે. ચોક ૨

છુટે ફુવારાની સેહેરો ઠંડીઠંડી ચાલે લેહેરો ભગત ઉભા ઘાલી ઘેરો કરવા દરશને, મુખડું જોવા ઘડી ઘડી લોકો કરે અડા અડી માતા બેઠા સીંઘે ચડી થાઓ પ્રસને; મુખડે કોટી સૂર્યનું તેજ દેખી ઇંદ્રામન લાજેજ માગ્યાં મન વાંછીત આપેજ કરી પાવને, બાજે સારંગી શીતાર બાજે તંબુરાનો તાર આજે ધન મારો અવતાર થયાં દરશણને; તું આદ્ય શક્તિ છે એક કીધો માયામાં વિવેક પંથ નીકળ્યાં છે અનેક છાયા તારી, દેરૂં શીખર બંધું બીરાજે. ચોક ૩

કહું કરજોડી જોડી નહીં આવે, સાથે કોડી જવું માયા સર્વ છોડી કહું સત્ય વચન. માત પીતા બેની ભ્રાત નહીં કોઇ આવે મારી સાથ જોડી જોડી કરૂં હાથ માજી કરો પાવન, મરવું અણ ચીંતા એકવાર હું તો છઉ માજીનાદાર તારા નામનો આ- ધાર પડયું રેહેશે આ તન; તારી આશાએ જીવ કુદે

તારે નામે કમુ નહીં બુડે થયું ભાગ્ય મારૂ ઊદે સદા રહો પ્રસન્ન, એવી અરજ કરે ભગતન ઘટ" ઘટ આપે નીરંજન જોડી બોલે: અમીચંદ છંદ લલકારી. દેરૂ" શીખર બંધુ બીરાજે. ચોક ૪

છંદ ૮ થાળ

"ઊઠો અંબા" જમવા માઈ, થાલ કંચનકી ધરાઈ; સુંદર રસોઈ બનાઈ, અણકુટ ભારી. મુકયું જળજમુનાનું પાણી, નહાવણ કરો હેત આણી, કીધી જુક્તિ મનની જાણી, કીરપાતારી; આહાચીરી મૂકી પહેલી, રાયતી, સેથીયા કેરી વહેલી, કેરા કરમદા, સહુ મેલી, રાયતા લીધાં."દરાખ કદળીના લઈ આવે, ચીભડા અંદર રાઈ મિલાવે, તેતો માજીને બહુભાવે, દુધી ખારેકના કીધા. રાયતાં લીધા" વીણીવીણી કાકડી મુંકી" છે મા છીણી, રાઈ દઈને લાવે ઝીણી, હેત ભાવથી કીધા, કોથમી મુળાને સકરીયાં; સૂરણ પુરણ તાજા કર્યાં, લઈને માની થાળમાં ધરીયાં, કારજ સીધાં.

ઝુલ.

મોગરી મોરસનાં રાયતાં, ખીર બાકળાને મગચણાજી;
ચોસેઠ ખંડ ચોસેંઠ દીવડાં, કરી જુક્તિની નહિ મણાજી.

ફેકતા.

બરૂચી બીમડાની છે ભાજી, મુલાપણી તાજી વધારી માજીજી; પાલખ મેથી ચોલાઈ, સહુથી સવાઇ કુબાની ભાજીજી. મોરલીધર બંશીવાળા કૃષ્ણછોગાળા, થયા તારા જીજી, કણજીયો ઓરકલેમ, રાખી મા પ્રેમ લેજો મારીમાજીજી ક્ષમા કરજો આધભવાની, ભાજી બે રહી ગઈ અજાણી; લુણી સુવા ચુકાની આણી, હામોકહું નાહારી. મુકયું જળ જમુનાનું પાણી. ચોક ૧.

કોળું તુરીયાં છે રસાળ, દુધી અંદર ચણાદાળ: તેનો ખુબ બેઠો મા તાળ, લાયખો મશાલો ગરમ. ચારચીરી વેગણુ ની કરી, ધાણા જીરૂ મરી ભરી; માજી લેજો ફરી ફરી, હોઠ થાશે ઝમાઝમ. ગલકાં તાજાં લાવી મોળી, માંહે લાખી શિયાળું ચોળી; તાજી તાજી પાપડી છોલી, લીલવા તીખા તમતમ. ભીંડા કારેલાં વધારી, ચીભડાં કાકડી છે બહુ સારી; પ્યાલા મુકયાં હારો હારી, માંહે શાક નરમ.

ઝુલ.

મોગરી ગુવારશિંગ, પંડોળાં થાળમાં, ધરી વાલોલ સફેદ લીલી કુનઝારજી; તીનશા કાળિગંડા અલુખડા કંટોળા, સાંગરી સારજી.

ફેકતો.

કંટોળા સાંગરી સાર, પરવર ગીલોડા ફંસી સો કરીયાજી, પાપડ પાપડી છે નીકા કરકરવડી; ને પતળવડીયાજી, કાચ-

લી કોઠીમડાં સાર ભજીયાં ભાત ભાતનાં તળીયાંજી. કેળાં મેથી રતાળુ વેગણુ, પોઈ ગલકાના ધરીયાજી. પાકી કેરીનો મે રસ, શેરડી દાડમ નારંગી ફ્રસ; બીજા મેવા લીધાં મસ, મીઠાઈ ભારી, મૂકયું જળ જમુનાનું પાણી. ચોક ૨.

વેડમી લાડું લાપશી, પહેલાં ખીર લેંચી રોટલી, કેળાં શીરો શિખંડ બાસુંદી, પહેલાં ધરી મલાઇ પુરી, માલપૂડાં મગદળ સાર શુંદર પાક મગજ તૈયાર, થાપડાં સુવાળીનો આહાર, ઘુઘરા સંજોરી.

છુલ.

જલેબી અમ્રત પાક, થાલમાં કળીના લાડુ, મેસુંર પાક બરફી પેંડા કોપરા પાક, આરોગો સુંદર શાકજી.

ફેકતા.

આરોગો સુંદર શાક, ચોસેંઠ જોગણી અંબા સાથેજી મેવા મીઠાઈ પકવાન, ઓર મધુપાન લીધાં માએ હાથેજી. જમો ભાત ભાતની સુખડી માં દહીંવડા દહીમાં આથેજી, માવો મોડીયાનો મુકયો ચારોળીના લાડું સાથેજી, સર્વે હાજર છે તૈયાર, માજી લેજો વારંવાર; ગંગાજીનું પાણી સાર ભરી મૂકી ઝારી. મૂકયું જળ જમુનાનું. ચોક ૩.

ખીરંજ દુધ ઉના કરિયાં, દાળ ભાત થાળમાં ધરીયાં પ્યાલા કઢીના માં ભરીયાં, શેવક ઉભો સન્મુખ પાસ, ભરી જળ કંચનની ઝારી, મુખડું ધુવે વારંવારી; ચોસેંઠ પાનનું

બીડું ભારી, માજી કરજો મુખવાસ. સંવત ૧૯૩૮એ માગસર શુદ ૩ને દિવશે, પુર્યો અણુકુટ; નમાવી શિશે અંબા પુરે આશ. મારી ભુલ કરજો મા માફ, નહિ ખમાય તમારો તાપે; તમે છો સૌના મા બાપે, હાથ જોડી કહે દાસ.

ઝુલ.

અપાર વસ્તું છે અણુકુટમાં, લીધી સાર વસ્તુ છંદ માંહિજી
કરી દર્શન ત્યાંહે આનંદ થયો, વિન્યાશંકર સેવકછે ત્યાંહેજી

ફેંકતો.

વિન્યાશંકર શેવકછે ત્યાં પુરી અણુકુટ ઉભો માની સામાંજી, કરી જુક્તિથી ગોઠવણી ગોઠવી; ઉભા સેવક સેવામાંજી. દરશણ અણુકુટના કરવાં. સુરતના લોકો આવે દહેરામાંજી અમીચંદ કહે છંદ કરી, સાર વસ્તુ મેં લીધી આમાંજી; સુરત શહેર આમલીરાનમાં, માહરૂં રહેવાનું મકાન; સદા ધરૂં તમારૂ ધ્યાન આશા તાહારી. મૂક્યું જળજમુનાનું પાણી. ચોક ૪.

છંદ ૯

બેઠે સિંહાસન, અંબામાં ખપ્પરવાળી; તારાં નામની પકડી ઢાલ, આપો દરશણ દયાળી. સજે સણુંગારે, ચત્રભુજ ત્રીશુળધારી; પાંઉ પાએલ કરે ઘમકાર, કમર પટોળે

આરી. તળે બીચ હારે, રહયા રત્ન મણી ચમકારી; તારી શીખલીખ જાઉ બલીહારી, શીરપર મુગટ છે ભારી.

ઝુલ.

હીરા રત્નમણી જળકી રહયાં, હુંવા ચંદ્ર સૂર્ય પ્રકાશ;
ફુલવાડી ખીલી રહી, ઉડી ચંપાની ખુબ્‌વાસ.

ફેંકતો.

એવી તારી શોભા, મુકીને નહીં જાઉ ચાલી; તારા નામની પકડી ઢાલ, આપો દરશણ દયાળી. ચોક ૧.

ચઉદ લોક કીધાં, તેના જુદા જુદા છે નામે; અતળ વિતાળ નીતળ સુતળ તળાતળ નામે, રસાતળ મહાતળ એવા એવા કીધાં તે કામે; એ સાત લોક પાતાળ તેના કહ્યાં મેં નામે.

ઝુલ.

સાત પાતાળ રચ્યાં તમે, તેના ગુણ ગાંઉ મા આજ;
સાત લોક બીજા કહું, મારી રાખો અંબામાં લાજ.

ફેંકતો.

આંબે દયાળી, સંખનપુર બહુચર બાળી; તારા નામની પકડી ઢાલ, આપો દરશણ દયાળી. ચોક ૨.

ભૂરલોક પેહેલું, ભૂવર લોકતો બીરાજે, સ્વરલોક છે માહા લોક, જન લોક તપ લોક ગાજે, સાતમાં સત લોક સૌની

રાખો તમે લાજે; ઘટઘટ વ્યાપી માતું, શકિત રૂપે બીરાજે.

ઝુલ.

ચૌદ લોક થાયેપા તમે, તારી સઘળે ફેલાઈ માં આણ;
શકિત વિના સૂનો ઠામ નહીં, તારા શાશા કરૂં વખાણ.

ફેંકતો.

જુવો મેર દ્રષ્ટી, ચાકરપર ચ ચરવાળી; તારા નામની પકડી ઠાલ, આપો દરશણ દયાળી. ચોક ૩.

અરે અંબામાં, ચાકરપર રીશ નહીં કીજે; દાસ જાણીને દરશણ દો, ભુલચુક સંભાળી લેજે; આખરની ઘડી એ, તું વીના વાલી નહીં બીજે; ત્રણ ભવની ખબર તમે આગી આઈ વોહું, જવું ભવ ત્રીજે.

ઝુલ.

અલ્પ આયુશ આવી રહ્યું, પડીશ લક્ષ ચોરાશી માંહી;
જમ બાંધી મારશે જીવને, તે કેમ સેહેવાશે તહી.

ફેંકતો.

અમીચંદ કહેછે, ઉતારો પાર હાથ જાલી; તારા નામની પકડી ઠાલ, આપો દરશણ દયાળી. ચોક ૪.

૭૬૦

ચઢીરણુ સૂરે, બની અંબામાં વિકરાળી; રાવણુ મારવાને કાજ, ખપ્પર ભરવાને ચાલી. કરી છાયાં રૂપ, સીતામાં ધર્યું નામે; પરણ્યા દશરથ સુત રામ, કરવા ભક્તનના કામે. ગયા વનવાસે, છોડી અજોધ્યા નગરી ધામે; રામ લક્ષમણુ સીતા માત, કીધો વનમાં વિસરામે.

ઝુલ.

બાગ બનાવી ફુલ વાવિઆં, સીતામાતા રમેછે તાંય; લક્ષમણુ ગયા મ્રગ મારવા, આવ્યો રાવણુ જોગી થઇ તાંહા. સીતામા આવ્યા, ભિક્ષા આપતાં લીધા ઝાલી; રાવણુ માર વાને કાજ, ખપ્પર ભરવાને ચાલી. ચોક ૧.

પાપી લઈ ચાઈલો, આઈવા લંકાની માંહી; રામ લક્ષ્મણ સાંભળી વાત, પડ્યાં પૃથ્વી મુરછાએ. સીતાને સોધે રામ લક્ષમણુ રડે વનમાંય, આવ્યાં પંચવતી માંચે; વાંદરૂ બેઠા છે જ્યાંહે.

ઝુલ.

નળ નીળ જાંબુવંત બોલે, હરમાન સુગ્રીવાત;
વાળી વાંદર મારો તમે, સોધી લાવું સીતામાત.

સાત તાડ વિંધી, રામે માર્યો વાંદર વાળી; રાવણ મારવાને કાજ, ખપ્પર ભરવાને ચાલી. ચોક ૨.

સોધે સીતાને હનમંત બીરબડા બંકા, ગયા સમુદ્ર કુદી પારમળ્યા સીતા ઘઢ લંકા; ખબર સુણી રામે લઈ સેન્યા ચડયા અસંખા, બાંધી પાણી પર પાજ, ઉભા લંકા દઈ ડંકા.

ઝુલ.

વિભીક્ષણ ભક્તછે રામના, તેતો રાવણકેરા ભાઈ
ખબર સાંભળી રામ આવ્યા, હરખ્યાં સીતા માઈ.
કોપ્યા હનુમાને, એક પળમે લંકા બાળી; રાવણ મારવાને કાજે. ખપ્પર ભરવાને ચાલી. ચોક ૩.

મચાયાં જુદ્ધે, લડે રામચંદ્ર મહારાજે તોડી લંકા માર્યો કુંભકરણ, આવી ઇંદ્રજીત ગાજે; ચડ્યા લક્ષમણે લીધો ઇંદ્રિજીતને પ્રાજે, હું મે રાવણ પાતાળ, ગારી મકર ધ્વજને આપ્યું રાજે.

ઝુલ.

લંકામાંઆવી જુધ્ધમાંડીયું, અઢારપદ્મવાંદર રામની સાથ
દશમસ્તકવીસભુજા, રાવણ માર્યો ભજ્યા રામચંદ્ર સીતામાત
વિભિક્ષણ થાપ્યો, લંકાની કરો રખેવાળી; રાવણ મારવાને કાજ, ખપ્પર ભરવાને ચાલી. ચોક ૪.

વિભીક્ષણ થાપી સીતામા લીધા સંગે, રામ લક્ષમણ છે હનુમાન, ચાલ્યા અજોધ્યા ઉમંગે, માર્ગમે જાતાં, રહયાં રાતે વાસો રંગે; ગયા ફરવા બીર બીજરંગ, દીઠો રાવણ અડબંગે.

ઝુલ.

સહસ્ર મુખી રાવણ દીઠો, બોલ્યા હનમંત જઈને ત્યાંય;
લંકા બાળી રાવણ માર્યો, તે રામ લક્ષમણ આવ્યા આંય.

એવી સુણી બોલ્યો, તારા રામને પટકું ઝાલી, રાવણ મારવાને કાજ, ખપ્પર ભરવાને ચાલી. ચોક ૫.

હનમાન કહેછે, અલ્યા બોલ મુખ વિચારી; એક મુક્કીએ લેઉ પ્રાણ, બીજી મારૂં તો જાઉં હારી. રાવણ કહે માર ભાઇ, રઘુવીર કહી મુકકી મારી; રાવણને ચઢે જેમ ફુલ, અલ્યા ખા મૂક્કી એક મારી.

ઝુલ.

મૂકકી મારૂં તો મરી જશે, જા કહી મારી એક ધોલ;
ગડદાંપેચ થઇ નાશી ગયો, અમીચંદ કહે બોલ્યા બોલ.
નાસો રામ નાસો, પેલો રાવણ આવશે ચાલી; રાવણ મારવાને કાજ, ખપ્પર ભરવાને ચાલી. ચોક ૬.

છંદ ૧૧

ચાલો ચાલો, ચાલો ચાલો મહારાજ હાં રેહેવાનું નથી કામે; મે સેસ સુખી, રાવણ જોયો તેનો ધામે. એવું સુણી, એવું સુણી, બોલ્યા રામ લક્ષ્મણ બંને ભાઇ; તમે કેમ શુરવીર થઈ બોલો ગભરાઇ. કહે હનું, કહે હનુમાન મેં કઈક રોળ્યાં રણ માંહી, હાવો બળવાન બળીઓ દીઠો ના કાંઈ. હજી સાલે, હજી સાલે, માંહારા હાડકાં પાંસ-

ળાં ભાઇ: કહે રામ સીતાને ચલો અજોધ્યા માંહી. કરી ક્રોધ, કરી ક્રોધ, સીતા મા કહે કરૂં સંગ્રામે; મે સેહસ્ત્ર મુખી, રાવણ જોયો તેનો ધામે. ચોક ૧.

ચલ બતાવ, ચલ બતાવ, ઉઠ મારા માંડી જાયા વીરે તારા માર્ગનારને મારી આજ પીઉ રૂધીરે. એમ કહી. એમ કહી, ચાલ્યા સંગ લીધા બજરંગ બીરે; લીધા ધનુ-ષ બાણ હથીઆર, ભાઠા ભરી તીરે. તમે રામ, તમે રામ લક્ષ્મણ બેશો ધરીને ધીરે, એમ કહી ઉભા જ્યાં રાવણ નો પહાડ ગંભીરે. આઘા રહી, આઘા રહી; બતાવે પેલે જુવો રાવણ એનું નામે મેસહસ્ત્ર મુખી, રાવણ જોયો તેને ધામે. ચોક ૨.

કરી ટંકાર, કરી ટંકાર, ધનુષનું બાણ માજીએ લીધું સુણી શબ્દ ગયા ગભરાઈ, જગત સૌ બીધું. મારી બાણ, મારીબાણ, તોડી પહાડ રાવણને દુઃખ દીધું; થયા કોટાન કોટી રાવણ રણ ઘેરી લીધું. કર્યા પંચ, કર્યા પંચ, મુ-ખી હનુમાન બળ બહુ દીધું; કોઈપાં ખપ્પર ધારી સ્વરૂપ બીહામણું કીધું. બેહોઠ, બેહોઠ જમીન અસ્માન ફાડી, મોહાડામે; મે સસ્ત્ર મુખી રાવણ જોયો તેનો ધામે. ચોક ૩

માજી મારે, માજી મારે, બાણ રાવણને ચાલે લોહી ધારે પડે લોહી રાવણ થઈ આવી માજીને મારે. ભયંકાર, ભ-યંકારસૂણી ટંકાર રામ વિચારે; ચલો લક્ષ્માણ રણમાં, અણ-

...ના શા ભારે. થઇ ખબર, થઇ ખબર, માને આવે રામ ... વાહારે; આવું જોશે સ્વરૂપ તો નહીં માંડે સંસારે ...ાંધી ઝોળી, બાંધી ઝોળી, પૂઠે હાથ લાંબા કીધા સામે; ...ે સહસ્ર મુખી રાવણ જોયો તેને ધામે. ચોક ૪.

કરી છછ, કરી છછ, મહીનાના બાલ જોગીમો ઘાલી; કરી ક્રોધ લડેમાં ફરે રણ મતબાળી. માએ મુખ, માએ મુખ પસારી માર્યા મોડામેં ઘાલી કઈ નાડાને પકડી મુકે મોડામો ઝાલી. મારી દુષ્ટ મારી દુષ્ટ, પાપીને રણ કીધું સોખાલી, જોળી છોડી કે નાડા રામ લક્ષમણ ગયાં ચાલી રૂપપળતી, રૂપપળતી, લઈ હનુમાન આવ્યા મુકામે; મેસહસ્ર મુખી રાવણ જોયા તેનો ધામે. ચોક ૫.

ક્રોધ નેત્ર, ક્રોપે નેત્ર, રાતાં જોઈ રામ લક્ષમણ ડરીયાં, જોગ માયાનો અવતાર ખપ્પર એને ભરીયાં. જોઇ યુદ્ધ જોઇ યુદ્ધ, રામ લક્ષ્મણના ગર્વ ઉતરયાં; પછે આવ્યાં અ ઓધ્યા માંહી કારજ સૌ સરીયાં. ચાર યુગ, ચાર યુગ, મા ધરી અવતાર; દેવના દુઃખ હરીઆં. કેહે અમીચંદ માએ માયા કરી રૂપ ધરીયાં. રાત દીવસ, રાત દીવસ, ફરેમાંનુ ખપ્પર ભરવા કામે, મેં સેહસ્ર મૂખી રાવણ જોયો તેનો ધામે. ચોક ૬.

છંદ ૧૨

માહાકાળી દયાળી, સુરત શેહેરમાં ગાજે; આવી પાવાગઢથી, ધીઆફળીએ બિરાજે. તારા દર્શણ કરી, પરશન થયું મારૂં મને; સજી સોળે સણગાર, બેઠા સીંગાશને. માની જમણી બાજું, નરસીંગ આપતી ભુવન; માની ડાબી બાજું સીરોઇ માતા પરસને, ઝાડ ઝુમર હાંડી તકતાં સઈજા સૌ સાજે, આવી પાવાઘડથી ધીઆફળીએ બીરાજે. ચોક ૧.

તારા સેવક પારવતીશંકરના બે બાલે, મોટા નાનાભાઈ મગનભાઈ સંપથી ચાલે; કરે પુજા આરતી માને કરે રાવાલે, મારી તુહી તુહી વાલી સદા લેજ્યો સંભાળે, માને છંદ કરવાનો હુકમ થયો મને આજે. આવી પાવાઘડથી ધીઆ ફળીએ બીરાજે. ચોક ૨.

તમે આપે કરતાં આપ, આપમાં રહેતાં નહિ સમજે મૂર્ખ તે હું કરૂં હું કરૂં કેહેતાં. બગ બુદ્ધી રૂપે ઘટઘટમેં જ્ઞાન દેતા, કંઇ અજ્ઞાની કરી ચોરી ચુનચુન લેતાં; કરી ચોરી છાપ ફેરવેથી નહીં થાએ કાજે, આવી પાવા ઘડથી ધીયા ફળીએ બીરાજે. ચોક ૩

તારા ભગતનને તારા દરશણથી સુખ થાએ, તમે કંસારાની કુળ દેવા સદા ગુણ ગાએ; તું તો ભગત આધીન સૌ જગતની છે માએ, અમીચંદ સેવક તારો [illegible] ગુણગાએ. મારે અંબા કાળી એક અખંડ કરે [illegible], આવી પાવા ઘડથી ધીયા ફળીએ બીરાજે. ચોક ૪

છંદ ૧૩ ધરતી કંપારો.

ઓ જગત જનુંની થયો ધરતી કંપારો જ્યાંરે, મા જળ સ્થ મેરૂં ખભળી ઉઠયું સંસારે; સંવત ૧૯૨૭ મે સંસારે, થયું ચક્ર મોટું માહા શુદ નોમને સોમવારે. તમે આગી ચેતવણુ નહી ચેતો સંસારે, થયો ધરતી કંપારો દસમને ભોમવારે; થઈ દોલમ દોલા પ્રથ્વી અપરમ પારે, તમે લીધો બચાવી જગ્ત સકળ સંસારે. રાતે નવ કલાકનો આશરો થયો હતો જ્યાંરે, મા જળસ્થળ મેરૂ ખભળી ઉઠયું સંસારે. ચોક ૧.

કોઈ બેઠો ને કોઇ સુતો કે ઘર મારૂં હાલે, કોઈ કરે મનમુખો માળ ઉપર ચોર ચાલે; કઈ નાઠી અસ્રીના લીધું પોતાનું બાળે, કોઇ કે ભુત દોડે ને કોઇ કહે ગાડી ચાલે, જોઈ ધરતી કંપારો ને પડી પેટમાં ફાળે, તું અંબે દયાળી લીધી સૌની સંભાળે, સુણી ધરતી કંપારો,ને થયા સો નાચારે, માહા જળ સ્થલ મેરૂ ખભળી ઉઠયું સંસારે. ચોક ૨.

હાલી હુરાડ ભ.ર વનસ્પતી બડી ઘનઘોરે, બેઠે પંખી ઉડે ખુબ થઈ રહી સોરમસોરે; બોલે મેના પોપટ ચીબડી બોલે ચીકોરે, પડી વડ વાઘણુ તલવળતી કરે ખુબ સોરે, બોલે લાલમલ હીરામલ કાકા કુઉવા મોરે બોલે વાણી મધુરી કોએલકરે ખુબ સોરે, ડોલા પાહાડ

પરવત વહાણુ ડોલા પાણી મોંજારે, માહા જળસ્થળ મેરૂં ખળવી ઉઠયું સંસારે. ચોક ૩.

જોઈ ધરતી કંપારોને પડયો સૌને ત્રાસે છાતી: ધડકે ને વાતો કરે ઉભા સૌ પાગ, કોઈ કે માજીનો રથ ગયો. આકાશે, કોઈ કેહ એક દીવસ પ્રથ્વી બુડી જાશે; ગયે માહારાજગીર ભુખણુદાશને ત.રી આશે; કહે અમીચંદ મા મને નાહારો વીસવાસે, રાખો તન મનધનથી સુખી આ અપરંમપારે. માહા જળસ્થળ મેરૂ ખળવી ઉઠયું સંસારે ચોક ૪.

૭૬ ૧૪

સુરત આમલીરાન વાગેસ્વરી માતા ખપ્પર ધારી, ખડગ ત્રીશુલ લઈ ઉભા કરી સીંગપર અસ્વારી; સજ્યા સોળે સણુગાર પગમાં ઝાંજર ઝમકારે, અણુવટ વીંછવા પગ પાવડી પાગોલકા બારે. હાથ ચુડો જડાવ બાજુ, બંધ હીરા ચમકારે, કડ્સા સાંકળા વેઢ વીટી માને નવસેરો હારે. પેરી નાકમાંવાળી કુડળ મુગટશીરપ ભારી, ખડગ ત્રીશુલ લઈ ઉભા કરી સીંગપર અસ્વારી. ચોક ૧

જમણી બાજુ બહુચરી તખતપર મંમાયા ગાજે, દાબી પાશે માંહા લક્ષ્મી માતા આપે બીરાજે, રંગ મંડપમે જોઇ છત્રી માને સજ્યાં ખુબ સાંજે; હૈરૂં સોની અમદા-

વાઘીનું મળીપંચ ગાજે, સાંતી કરવા મરકીની સચ્ચિદા કરી ખુબ ભારી. ખડગ ત્રીશુળ લઈ ઉભા કરી સીંગપર અસ્વારી. ચોક ૨.

અમદાવાદી સુરવીર સોની શેવે માતાંવાગેસ્વરી, લગન કરી મોડું પજ લગાડે ભાવે પ્રેમ ધરી; સદા કરે રક્ષણ શોનીને ઉભી ખાસ ધરી, સેવા કરે ચકુભટ માજીની ઉભા, આરતી કરી, આમણુ કરે ચંડી પાઠ ગાયન કરે ગંધર્વ લલકારી. ખડગ ત્રીશુલ લઈ ઉભા કરી સીંગપર અસ્વારી ચોક ૩.

દીવો બાલે અખંડ શોની ગંગારામ બેચરદાશે. સેવકને સરણાંગત રાખી પુરો સોખી આશે, સંવત ૧૯૫૩ જેઠ વદ ૧૩ ચંદ્રવારે, અમીચંદ કહે છંદ કરીમાં રહું તારી પાશે, વિદ્યાશંકર મિત્ર હમારા કરે ભગતી તારી, ખડગ ત્રીશુળ લઈ ઉભા કરી સીંગપર અસ્વારી. છંદ ૧૫

છંદ ૧૫

આજ ફકીરી અસગઈ તનમે, મનમે ખાખ રમાવીંગે, મુની લગા કર બેઠ દમાલમે અંબાસે ધ્યાન લગાવીંગે, કફની ઉંચા શેલીઅતના તનપર નહી શોહા વીંગે, અલેક જગા કર હિંદુ મુસલીમે ઉસમે નહીં મહિ પાવીંગે; ધન દોલત ઓર માલ ખજાના ઘરઅલીપર જાવીંગે, માલ પીતા

ઓર કુટુંબ કબીલા સંગ સાથ નહી આવીંગે. તનકે તટીએ મનકે ગલીચા ઘર આસન જમાવીંગે. ધુની લગાકે બેઠ દંગલમે અંખાસે ધ્યાન લગાવિંગે. ચોક ૧.

જોગી હોકર જંગલો ફીરતે જળજમના તિર નાવીંગે, કલકતા મદ્રાસ દીલ્લી ઉંજ્જનમે અલેક જગાવીંગે; કાશી કાસમેર કલકતા ફીર ફીર પીછે ઘર આવીંગે, અમ સબ તીરથકુ પ્રણામ કરતાં ઉવાસે શીસ નમાવીંગે, સિખ લીઆ ઓર ટેક રખા નાહીં; જાહાં મુડ મુડાવીંગે, ધુની લગા કર બેઠે દંગલમે અંખાશે ધ્યાન લગાવિંગે ચોક ૨

ખાખ લગાઈ ખાખી બાવા ઝોલી ઝુડાં લે જાવિંગે, ગંગા જમના ગોમતી ગોદાવરી નરબાદા તીર નાવીંગે; એક દીલ એક ચીતે ભજે તને ઓ નર એ ફળ પાવીંગે, નીહ રચે તુહી તુહી એક રૂપ નહી ભુલા મન ભટકાવિંગે. એક લેહ મઈયા લગી તુમારી તેરે નામોકી માળા જપાવીંગે, ધુની લગા કર બેઠે, દંગલમે અંખાસે ધ્યાન લગાવીંગે. ચોક ૩

ગુરૂ હમારે તુહી ઘટ મ્યાને ગ્યાનસે ધ્યાન મીલાવીંગે, જે કોઈ બીરલા સમજે ગુરૂગ્યાન ઓ તેરા ગુણગાવીંગે; આપ આપકે મનશે સમજના ઓર કીયા સમજાવીંગે, આસર મુરના સબકુ માલમ ભુલા ફીર પસ્તાવિંગે. અબીચંદ કેહે છંદ બનાવી, તેરે નામોકી માળા જપાવીંગે ધુની લગાકે બેઠે દંગલમે, અંખાસે ધ્યાન લગાવિંગે. ચોક ૪

છંદ ૧૬

મરવું હક અંબા માતા, મારે સાચું હમારૂં એ જીવતન લખચોરાશી ફેરા મીટાવા, કરી આવ્યોછું કોલ બચન. લક્ષ ચોર્યાસી ભટકો પ્રાણી તાંતો ઘણું જીવ પામ્યો દુખ: ફરગરી કંગાળ બોલ્યો પ્રાણી ધરમરાજ બેઠા સનમુખ હાથ જોડી કે આપો આજ્ઞા મનખ્યા અવતારની મારે સુખ, રજા હશે તાંસુધી રહીશું, એટલી હમારી વીચારો રૂખ હું તો.ગુનેગારછું તમારો પ્રથ્વીપર જઈ કરૂં ભજન લક્ષ ચોર્યાસી ફેરા મીટાવા કરી આવ્યોછું કોલ બચન ચોક ૧.

તે વખત તાં દેછે શીખામણ, સાંભળ જીવતું ધરીને ધ્યાન; મુસાફરી એ ગણી કઠણ ત્યાં કળજુગ વ્યાપો છે. મસ્તાન, અંધાર પીછોડો લાગ્યો જગતમાં, માયાનું સૌછે મંડાણ તે થકી ચેતચેતજે પ્રાણી આગળ થકી તુને કરૂં છું જાણ સુખ દુઃખ જો ભોગવો પ્રથ્વીપર એક નામનું કરજે ભજન. લક્ષ ચોરયાશી ફેરા મીટાવા કરી આવ્યો છું કોલ બચન ચોક ૨

નવમાસ ધરી ધ્યાન જન્મો બાળ પણ તો ગયું અજાણ, બની જુવાન ફાંકડો મુસાફર ભર જોબનમાં થયો પેલવાન; ફરી દુનીઆમાં સેલ મોટા મોટા મેડેલ ગેલ કરેછે રાગ

તાન, દોલત દુનીઆ દેખી ફુલાય પ્રાણી કામ ક્રોધ કરેછે અભીમાન. ચાર દાહાડાનું ચાહરણું તેમ ગઈ જુવાની થયું ઘડપણ, લક્ષ ચોર્યાશી ફેરા મીટાવા કરી આવ્યોછું કોલ બચન ચોક ૩.

દડગજલ રોજ છુટી જમની અદલ હુકમદે રાજા ધરમ, પડ્યો ગેરો જઈ કાયા ઉપર નગસે નાડી પડી નરમ; ટગમગ જુવે સગા ભાઈબંધ તવળે પ્રાણી નહી પડતી ગમ, કર અતડા કરામત ઘટી દશ દરવાજે પેઠા જમ, અગમ વાત પેલી સુજી બુજી જીવ ઠર ઠર કાંપે ને કરે રૂદન લક્ષ ચોરાશી ફેરા મીટાવા કરી આવ્યોછું કોલબચન ચોક ૪.

પડ્યો પડ્યો વીચારે પ્રાણી પડી અંધારી માયા જાળ, આવ્યો છોડવા બાંદેરો ગાંસડો ઉલતું પાપ વળગું ઞ ઝાળ: પડ્યો જીવ અઘોર વીમાશી એટલામાં આવ્યો અંતકાળ હુધર ઉડા જમ લઈને જીવડા ત્યાં તેના થયા બુરા હુવાલ તે નરક કુંડમાં લાગ્યો પ્રાણી પડે દુઃખ ને કરે રૂદન, લક્ષ ચોરાશી ફેરા મટાવા કરી આવ્યોછું કોલ બચન ચોક ૫.

નહી જગ્ત જીતાયું કોઈથી પાપી પેટ જુઠી માયા, સ્વારથી સૌ સગા દુવના ધન દોલતપર કરે ચાહા; પડશુ હુશ જે તે તહાં રહેશે, મુકી દેશે કંચન કાયા અમર નામ એક રહેશે જગતમાં માજી નામ જે ગુણગાય. અભી-

ચંદ કહે હાથ જોડી મારા અંબામાં થાજો પ્રસન્ન, લક્ષ્મીચંદની દેરા મીરાવા કરી આવ્યોછું કોલ બચન. ચોક ૬.

છંદ ૧૭

—:◌:o:◌:—

અંબામાં સંસાર સમુદ્ર મે માહ્યા જાળ લાગી માયા, કોઈ કીશીકા નહી જગત મે ચલા જીવ છોડી કાયા; જુઠી કાયા જુઠી માયા જુઠા હે સબ સંસારે, જુઠી દોલત જુઠી દુનીઆ જુઠા હે શબ પરીવારે. જુઠી મેડી જુઠા માળીઆ જુઠા હે સબ વિસ્તારે, જુઠા સુના જુઠા રૂપા જુઠા હે સબ ભંડારે, અજબ તરેકી બાજી રચાઈ જુઠા ખેલ સબ રચાયા કોઈકી સીકા નહી જગતમે. ચોક ૧ જુઠી મોબત જુઠી પ્રીતી જુઠા હે સબ વિસ્તારે, જુઠી મોહેબ્બ્ત જુઠી મમતાં જુઠા હે સબ પરીવારે; જુઠા ભાઈ બંધ જુઠી ત્રીયાં જુઠા હે સબ સંસારે, ઝુઠા લોભ હે જુઠી લઘુતા જુઠ હે સબ હુંકારે; પાંચ તત્વનું બઈનું પુતળુ, ઘટઘટમે તારી છાયાં, કોઈકી સીકા નહી જગતમે ચલા જીવ છોડી કાયા. ચોક ૨.

અવધ બાંધી અવતર્યો જગતમાં ધરમધાન પુન કરવાને; મોહમાયામા ધંન મેળવું પ્રાપી પેટજ ભરવાને; લેણું કરતા દેવું થયું માં લખચોરાશી ફરવાને; ધર્મ ધાન તો કંઈ એ કર્યું નહી આખર પડયો મરવાને; પુરી સુકૃતે

પૃથ્વી પડયો કરી ઝટપટ જમડા આયા; કોઈ કીસીકા નહીં જંગતમે ચલા જીવ છોડી કાયા; ચોક ૩

લોકે મુકી દીધી કાયા ને નહીં રહી કંઈ એંધાણી દિનસે ગણતાં માસ વર્ષ જુગ સ્વપ્ને મે કંઈ ન જાણી; મીલા પવનમે પવન તેજમે તેજ, પાણીમે મીલે પાણી; મીલી માટીમે માટી મહારાજ ગીરકે ભજો અંબા એવુ જાણી; અમીચંદ કેહે સાચા જગ્તમે, અંબા નામ મુખમે ગાયા; કોઇ કીસીકા નહીં જગ્તમે, ચલા જીવ છોડી કાયા. ચાક ૪

છંદ ૧૮

મહા સાગર દરિયા વેહે શંસાર રૂપી જાય નીરમાં નીર; બેઠો નાવ કરી એક નામની અંબા ઉતારો પેલે તીર; ચઢી રહ્યુ લોભ લેહેર નદીની તે અંદરથી ઉતરવુ પાર; કામ ક્રોધ મોહ રૂપી વમળ ફરે, તે અદરથી તું ઉગાર. મગર મચ્છ થઈ વળગ્યાં છોકરાં બયરી સૌ કુટુંબ પરીવાર; ઝાળ પડી માયાની તુમારી, તે આગળ શઉંછે નાચાર પવન રૂપીમાં પાપ ડુબાવે, નથી રેહેતી છાતીને ધીર, બેઠો નાવ કરી એક નામની, અંબા ઉતારો પેલે તીર. ચોક ૧.

સુકાન ફરે તેમ મન ફરે માં થઈ રહ્યુ ડામાડોલે,

ઘમરી ખાઈ પડશે, શઠ ભાગી ધર્મ ધજા ફરફર બોલે;
જીવ ગભરાઈ અથડાઈ પડશે પ્રથ્વી મુકુ શીસ અંબા ખોળે,
ખુકુ ખુકુ થઈ રહ્યો જીવડો લોભ લેહેરની વાગે છોળ,
તું માતા મારી જુગ જુગદાતા અંબામાતા ગુણુ ગંભીર
બેઠા નાવ કરી એક નામની અંબા ઉતારો પેલેતીર. ૨

લઈ મુકોમા દેશ હમારે હું બેઠો તારે વિસવારો
તુહી તુહીં કરી કરૂં છું સમરણુ તરવાની મારે આશા કરી
મેર દેશમાં લઈ જાવો આવવુ પરદેશ મીટી જશે; લક્ષ-
ચોર્યાશી ભુલા ભટકવું મીટાવ કહે તારોદાશે, ભુલ પાડી
ભટકાવશો નહીં સદા રાખો મન મારૂં થીર બેઠો નાવ
કરી એક નામની અંબા ઉતારો પેલી તીર ચોક ૩

સંસાર સમુદ્રમાં પડયો પ્રથ્વી અંબામાં સાભળજો
સવાલ, ચોગરદમથી ગયો ગેરાઈ ઉપર પડી માયાની
જાળ; હુજી માજી થઈ કીરપા તું મારી અંબામાં તુ દીન
દયાળ, રાખી નામનો આસરો તારો હુંતો બેઠો માત મને
ઝાલ. અમીચંદ કે પાર ઉતારો આખર ખાખ થશે શરીર
બેઠા નાવ કરી એક નામની અંબા ઉતારો પેલે તીર. ચોક ૪

છંદ ૧૯

ધારી વાત નહી થઈ હમારી મનકી રહી મનમાં માજી

હુકમ થયો નહી રહ્યો જાય જીવ જમ પેઠા તનમાં માજી; કોડી કોડી ધન જોડી મેળવું; પ્રપંચ બહુ કરતો માજી, કાવા દાવા કરી જગતમો પાપી પેટ ભરતો માજી. થન થન વાચા ઠગાઈ કરતો દયા નહીં ધરતો માજી. મુર્ખ મન નહી સમજો પ્રાણી શીરપર કાળ ફરતો માજી; વણજ કરી વેપારી બન્યો લપટાયો ધનમાં માજી, હુકમ થયો નહી રહો જાએજીવ જમ પેઠા તનમાં માજી. ચોક ૧.

મેડી માળીઆં બાંધી બેઠો જીવ ગરવ કરી રેહેતો માજી માત પીતા ભાઈ બંધ સગા સૌ સાથને એમ કહેતો માજી ખાવો પીવો ખરચો ધન દોલત સત વાત નહીં લેતોમાજી, દગલે દગલે પાપ થયું નહી ધરમદાન દેતો માજી; આજ કાલમાં જીંદગી પુરી થઈ નહી રહયું મન સમરણમા માજી, હુકમ થયો નહી રહો જાય જીવ જમ પેઠા તનમાં માજી. ચોક ૨

ગયા સ્વાસ સૌ છોડી આશમાં આખરછે મરવું માજી, કર્યા કર્મ ભોગવવું પ્રથ્વીપર ચોર્યાશી ફરવું માજી; કામ ક્રોધ લોભ મોહમદ એ પાંચેથી દરવું માજી, કઠણ મહા સંસાર સમુદ્ર ભવ સાગર તરવું માજી. ચડો-લસ્કરી લડવાને તું ઉગારજે રણમાં માજી, હુકમ થયો નહી. રહો જાય જીવ જમ પેઠા તનમાં માંજી. ચોક ૩

ચાર દીસા ઓર હડશેઠ તીરથ બહું ભુલા ભટકોમાજી, આખર પડયો આડબડીઆ ખાઈને કંઠે પ્રાણ અટકો માજી

ફરે અદલની બદલ નહી છોડી કાયા પ્રાણ છટકો માજી,
મરણ વેળા મુશ્કલ અંબા દો જ્ઞાન રૂપી ચટકો માજી.
અમીચંદ કેહ હાથ જોડી રહું પરસન દરશણમાં માજી.
હુકમ થયો નહી રહો જાય જીવ જમ પેડા તનમાં માજી,
ચોક ૪

છંદ. ૨૦ અધર

અધર છંદ ગાતા આનદે આજ લાજ રાખ સારસતી,
અરજ કરી શીર ચરણ ધરતે; સંતનકે કારજ કરતી,
અધર આસન નરસીંગીકા નખસીખ સજતી સણગારે.
કડા સાંકળા કાળીગાંઠી હાંસા ગલે કંચન હારે, ગાલી
નથની નાકે કાને કાંટા કરણ લાલ ઝળકારે; કરી આડ
તીલડી તતક્ષણ સજ્યા સારા સણગારે, અરસીધી કરજે
સીધ કારજ નહી જાણી કંઇ તારી ગતી. અ ૮ કરી શીર
ચરણ ધરતે સંતનકે કારજ કરતી. ચોક ૧.

કળીકાળ હે કઠણ દાનસે દીન ધસ ધસકે આતાહે
ઘટે દાન દક્ષણા દયા દીલ અસત હેખી હરખાતાં હેય,
નીચ કરે સંગતી સારાની સારા નરસાંને ભાહાતાંહે,
ચત્રસીંગી ચંતાને ટાળજે આજ અધર છંદ ગાતાહે.
લખ્યા લેખ જે છઠ્ઠીના તે અંદરથી નહિ ઘટે રતી, અરજ
કરી શીર ચરણ ધરતે સંતનકે કારજ કરતી. ચોક ૨

અંબર જગી જગી અધર ધરતી અધર દેખાતાં સારા ગગન અધર આના અધર જાના અધર રહયાં સારા જગતન; આણંદકારી હરસીધી કરગરી કે તારા સંતન, આયા જાયા અધર અથડાયા નહી કીયા તેરા દરશણ નહી નીરખી નારાયણી નીરાકારી ઇચ્છા શક્તિ, અરજ કરી શીર ચરણ ધરતે સંતનકે કારજ કરતી. ચોક ૩.

રણના દયા તે દીલકે અંદર અકળ કળા તેરી ન્યારી, અધર નાદ અણચીતા ગરજતે રાજા ઇંદ્ર કરે કીલકારી; ધરતી અંદર ધ્યાન કરતી દેખ રહી ખલખત સારી, સારી ખલખત સરણે, રેતી હરદીશ કરે રટણાં તારી અચંદ કહે છંદ અધર ગાતાં કંકાળી સણગાર ધરતી. અરજ કરી શીરચરણ ધરતે સંતનકે કારજ કરતે. ચોક ૪.

છંદ ૨૧

તુંમ તુંમ તુંમ તુંમ તુંમ તુંમ તુંમ તુંમ બ્રહ્મા વિષ્ણું રૂદ્રાણી તુંમ, તુંમ જગ સ્થળ મેરૂં, મેરૂ ચૌદા તબકમે જાણી તુંમ, નિર્ગુણ તમેછો શિરગુણ તમેછો માજી તમે નિરાકાર તુંમ: ઓહં સોહં તુંમ, સોહં તુંમ રચી માયા સંસારે તુંમ. સ્વર્ગ મૃત્યુ પાતાળ તમે છો સુરજ નવ લખ તારે તુંમ, ચંદ્રવાયુ તુંમ, વાયુ તુંમ સઘળે શક્તિ આધારે તુંમ; જમ તમેછો વરૂણ તમેછો ઇંદ્ર તમે ઇંદ્રાણી તુંમ. તુંમ જળસ્થળ મેરૂ. ચોક ૧

ગંગા તમેછો જમના તમેછો તીરથ વહેતાં તાપી તુંમ, તુંમ, નવસે નવાણું નવાણું નદી વહેસાં આપી તુંમ, શેષ તમેછો સાગર તમોછો ખાબોચિયામાં વ્યાપી તુંમ, તુંમ છેહે નિરાળી, નિરાળી સબ સૃષ્ટીને સ્થાપી તુંમ. તન તમે છો મન તમેછો શબ્દ તમે નિર્બાણી તુંમ. તુંમ જળ સ્થળ. મેરૂ ચોક ૨.

સેહસ્ર નામે તું છે અંબિકા આરાશુર મતબાલી તુંમ તુંહી તુળજા તુળજા મહાલક્ષ્મી માહાકાળી તુંમ; નવદુર્ગા તું વાઘેશ્વરી તું ચંડી બહુચર બાલી તુંમ, તુંહી નાંહીંગ લાજ હીંગલાજ હરસિધ્ધ ચાચરવાળી તુંમ શુંભનિશુંભ મહીસાસુર માર્યા હેવે ત્યારે વખાણી તુંમ, તુંમ જળસ્થળ મેરૂ ચોક ૩.

અંત્રિક્ષ તું અંબા અલબેલી સર્વ દૈત્ય સંહારણ તુંમ, સર્વ દેવના, દેવના દુઃખ હરી દેત મારણ તુંમ, હાથ જોડી કહે સેવક તમારો, કરો સંકટ દુઃખ નિવારણ તુંમ તુંહી, જનુંની જનુની સબ સૃષ્ટીને તારણ તુંમ, અમીચંદ કહે આવી કરપર બોલો મધુરી વાણી તુંમ. તુંમ જળસ્થળ મેરૂ. ચોક ૪

ભજન રૂપી છંદ ૨૨

—:○:○:—

એક દહાડો ભરવોછે હમારે તેહની ફીકર મા તાહારે,

દેશી હમારા આવશે તેડવા હુકમથી તમારેરે, તેડવા આવશે બહુ અકળાવશે પડીશ થઇ નાચારેરે, પીડા પડશે આંસુ ઢળશે પડશે ગેબી મારેરે. એક દહાડો ભરવોછે. ચોક ૧

ધર્માણુ ચાલી કોઈ નહીં વાલી મીથ્યા સૌ સંસારેરે, માત પિતા ભાઈ બંધ સમા સૌ; રોશે ઘરની નારેરે, એક દહાડો ભરવો છે. ચોક ૨

કફ આવી માગે કંઠ રૂંધશે, કહું મા વાર વારેરે; એતો ઘડી ઘણી કઠણુ કાહાડવી, ત્યાં તો તું ઉગારેરે. એક દહાડો ભરવોછે. ચોક ૩

જોજે મેહેર દ્રષ્ટીથી અંબામાં, રહું વિશ્વાશે તાહારેરે; અમીચંદ કહે તુંહીં તુંહીં વાલી તારો ભવજળ પારેરે એક દહાડો ભરવો છે. ચોક ૪

છંદ ૨૩.

સમજરે તું મનવા મેરા, કીંઊ ફરે મસ્તાનારે; સામજરે. અલબેલીનું સમરણુ કરલે, છોડને જુઠા ગુમાનારે. પુએલો પુએલો શું રે ફરેછે, આખર મન પસ્તાનારે. સામજરે ૧.

સેવા સમરણુ માળા લઈ બેઠો, ધરવાને તું ધ્યાનેરે; મન તુરંગી ઘોડો ઉપડો જડ ગયું સેવાનું ભાનેરે; સમજરેતું. ૨

લક્ષ:ભોજન પર ફરે મનવાતું માળાના દે બાંનારે, ધ્યાન ચુકી કરે ખોટાં મનસુબા, આખરહે મરજાનારે સમજરેતું. ૩

એમ વીચારી જ્ઞાનમે સમજો જ્ઞાનશે ધ્યાન લગાનારે અમીચંદ કેહે:મનવાં મેરા ગાવો સદા ગુણ માનારે સમજાનેતું. ૪

છંદ ૨૪

અંબામા તારે સરણે આવી ઉભો સીશ નમાવીરે, અંબામાં, સરણાંગતને સરણે રાખી લો ને માજી બચાવીરે; જગત પાળણ જગત જનુંની કરો કરૂણા દયા લાવીરે. અંબામાતારે.૧

હું સેવક માતાજી તમારો ઉભો ધુન લગાવીરે, મેહર દ્રસ્તીથી દરશણ આપો દો આવાગવન મટાવીરે. અંબા માતારે. ૨

જરણ મરણનું દુખ છે મોટું આ ભવમાંએ આવીરે આત્માં કરમથી રહો બંધાઈ તે લાખો છોડાવીરે. અંબા માતારે. ૩

આતમ જ્ઞાનની આપોમાં બુધી, આખરની વાત બતાવીરે; અમીચંદ કહે જ્ઞાન પ્રગટે તો છંદ ગાવું તાલ બજાવીરે, અંબામા તારે સરણે. ૪

છંદ ૨૫

સારમાં સાર માજીનું નામ, નામથી થયું હમારૂ કામ, સારમા. બાળા પણથી માજી સેઈવા આવ્યો અંબાને ધામ, કરી

વિનંતી વનવા માજી જપી માજીનુ નામ. નામથી થયું હમારૂ કામ. ચોક ૧.

આસન વાળી સાંધી ચોગડીયું કડી બેસાડી ઠાંમ, સાહેબ ભેદ સુભ મંત્ર ભણીને છંદમાં ગાઈલું નામ, નામથી થયું હમારૂં કામ ચોક ૨.

સુભ મુરત સુખ ચોગડીઆમાં છંદ કરવાનું કામ, શ્રોતાં વકતાનું કલ્યાણ થાએ છંદ ગાએ આરામ; નામથીથયુ હમારૂ કામ. ૩

કીરતન ભજન થાએ કૃષ્ણ દુવારે છંદ માજીને ધામ, નાટક ગાયન નાટકશાળામાં શોભે ઠાંમે ઠાંમ; નામથી થયું હમારૂ કામ. ચોક ૪

નામ માજીનું ગાયનમાં પણ વરતી નહી રહે ઠાંમ, અમીચંદ કેહે; છંદ ભજન ગાવો દેવી દેવને ધામ, નામથી થયું હમારૂં કામ. ચોક ૫.

છંદ ૨૬

ભજોભાઈ માજી નામ હે ખરા, ભટક લખ ચોર્યાશી મે ફરા; બાલાપણતો જશે રમતમાં જુવાનીમે નહીં ડરાં; વણજ કરી વેપારી બનશો: પછી આવશે જરા. ભજો ભાઈ ૧.

થરથર થરથર ધ્રુજશે કાયા નયણે આસું ભરાં, સુધ સાંન ઉડી જશે તનકી; નરમ પડશે સરા, ભજોભાઈ. ૨

ધન દોલત ઓર માલ ખજાનારે પ્રથ્વીપર ધરા અંત-

ફાળો છોડી સૌ માયા જમડે પ્રાણ હરાં, ભજો ભાઈ ૩
અંબાનામ જેને મુખથી ભઈજા તે ભવ સાગર તર
અમીચંદ કહે નીરમળવાણી સત સબ્દ ઓચરાં; ભજોભાઈ.૪

છંદ ૨૭

અરેતું કયું ગફલતમે પડાં સમજ મન માજી નામહે ખડા, સુંભનીસુભ મહીષાસુર પાપી દેવતા પૂઠે અડા; બ્રહ્મા વિષ્ણુ ઇંદ્રને જીતી ગીરી કૈલાસે ચડાં, અરેતું કયું ગફલતમાં પડા. ચોક ૧.

બ્રહ્મા વિષ્ણુ રૂદ્ર દેવ સૌ હિમાચળપર ખડા, ગદગદ કંઠે કરે વિનંતી માજીને પાંપડા. અરે તું કયું ગફલતમે પડા. ચોક ૨.

ક્રોધ કરી અબામાં ધસ્યા જઈને રણમો ખડા, શુભનિ સુંભ મહિસાશુર માર્યો, રક્ત બીજ રણ પડા, અરે તું કયું ગફલતમે પડા ચોક ૩.

હંસા હોયતો મોતી ચુગે બગા માસ ખાએ સદા અમીચંદ કહે ભજમન માજી બાજે ચંગ ચોગાણા અરે તું કયુ ગફલતમે પડા. ચોક ૪.

છંદ ૨૮

અરે તું કેમ જાએ ભુલ ભુલ, મારે ને માજી નામક ફુલ, અરેતું કેમ જાએ ભુલભુલ. ત્રેત્રા જુગમાં સીતામાતા

લંકા હતી અનુમુલ, રાવણ મારી લંકા બાળી ત્યાં તો ઉ-
ડતી ધુલ. અરે તુ કેમ જાએ ભુલભુલ, ચોક. ૧

હસ્તીનાપુરમાં દુરજોધંન રાજા ઘણો ફરે ફુલફુલ, તે
પણ રણમાં ગયો રોળાઈ; જીત્યા ભીમ નીકુલ, અરે તું
કેમ જાએ ભુલભુલ. ચોક. ૨

આ પૃથ્વીપર કઈકિ થયા કઈક થશે અજી અનમુલ, સદા
ફરે ખપ્પર માતાનું સોભે હાથ ત્રીશુલ; અરે તું કેમ જાએ
ભુલ ભુલ ચોક ૩.

ભવ જળ પાર ઉતારો માજી અરજ કરો કબુલ, અ-
મીચંદ કહે જુવો મેહેર દ્રષ્ટી; જાએ ભાગ્યે ખુલ, અરે
તું કેમ જાએ ભુલ ભુલ. ચોક ૪.

છંદ ૨૯

કઠણ લખચોર્યાસી હે ફેરા, મટાવે માજી બીન કોણ મેરા;
કઠણ લખ ચોર્યાસી હે ફેરા. ૧

જરણ મરણ ઘણું કઠણ માજી, વચન સુણો હમેરા નવ-
માસ પકડ જકડ રાખ્યો; કાળા ગૃહમાં ઘેરા, કઠણ લક્ષ-
ચોર્યાશી હે ફેરા. ટેક ૨

ઉંધે મસ્તક રહયો માજી, મે ગુનેગાર તું મેરા; મે-
હેર દ્રષ્ટીથી જનમ આપ્યો, મા બાપે ઉછેરાં. કઠણ લક્ષ ચો-
ર્યાસી હે ફેરા. ટેક ૩

મોહોમાયામાં ગયો ઘેરાઈ પડી ગફલત અંધેરા, માજી

નામ નહીં મુખથી ભઈજી, બાંધા જંગલમે ડેરા, કઠણ લક્ષ ચોઈરાસી હે ફેરા. ટેક ૪

અંત સમે અંધારી આવશે જમડા ભરશે પેહેરા, લાગ જોઈ લઈ જાશે જીવને પડે કાયા ખાઈ લેહેરા કઠણ લક્ષ ચોર્યાસીકા ફેરા. ટેક પ

એટલી અરજ માં સુણો હમારી, હું છું દાસ તું મેરા; અમીચંદ કહે અરજી શીકારો, મારી આપો માં હોરા. કઠણ લક્ષ ચોર્યાસીકા ફેરા. ટેક ૬

છંદ ૩૦

—:○:o:○:—

ત્રીગુણ માયામાં તાહેરી, બ્રહ્મારૂદ્ર મોરારી; તમેરે બ્રહ્માને તમે સાવંત્રી, તમે કુબેર ભંડારી. ગણેસ તમેછો લક્ષમી, ઉમીયા ત્રીપુરારી, એરે સ્વરૂપ સૌ એકછે; પડી માયા અંધારી, ત્રીગુણ માયામાં તાહેરી. ચોક ૧.

રહીરે વ્યાપીક ઘટઘટમે, છાયામાં તારી; બુડત બુડત કંઈ મરગએ, દુનીઆ દુરાચારી. ભુલ પડે માયા જાળમે રૂશીમુની દુધાધારી, ત્રીગુણ માયામાં તાહેરી ચોક ૨

પંચ તત્વ પ્રગટ કરી, કીધા પુરૂષ ને નારી; ઘટમે રમે માતા અંબીકા, તારી ઘેઘટ ન્યારી. શકિત શકિત સઘળે રહી, તું છે નીરાકારી, ત્રીગુણ માયામાં તાહેરી. ૩

લક્ષ ચોર્યાસી ફરી [illegible] સુણો અંબામાં મા[illegible]રી.

પરોણો પાંચ રાતનો; કાયા ભાડુતી મારી, મુકી જઇશ અમીચંદ કહે, લો અંબામાં તારી. ત્રીગુણ માયામાં તાહેરી બ્રહ્મા રૂદ્ર મોરારી. ચોક ૪.

છંદ ૩૧

ધનરે અંબામાં તું માહેરી, માયા ખુબ તમારી; ધનરે અંબામાં તું માહેરી. બાજી રચી બાજીગરની બેઠે આપમદારી, ડમકો ઓહંમ સણક્યો, પડી માયા અંધારી; ધનરે અંબામાં તું માહેરી ચોક ૧.

ઇચ્છા શક્તિ પ્રગટ થયા, બ્રહ્મા રૂદ્ર મોરારી, પાંચ તત્વ ત્રણ ગુણની; રચીરચના સારી, ધનરે અંબામાં તું માહેરી. ચોક ૨

જુગતી કરીરે જુગતથી, આડ અરાડ ભારી વનસ્પતી ખીલી રહી ફળફુલ હજારી, ધનરે અંબામાં તું માહેરી. ૩

ખોટો રૂપીઓ બાજીગરનો, તેવી માયામાં તારી તુંહી તુંહી વાલી; અમીચંદ કહે, મા લેજે ઉગારી, ધનરે અંબામાં તું માહેરી. ચોક. ૪

છંદ ૩૨

સમજ મન મારારે, અસતની વાત તજો, કામ ક્રોધ છોડીરે, અંબાનું નામ ભજો. લોભ મોહામદમાયા મંમતા મીથ્યા મન મસ્તાને, ચીતચેતવણી કરી સમર લે ધરજ્યે અંબાનું ધ્યાને. આદ્ય શક્તિથીરે તમો સત્વ ગુણ રજો,

સમજ મન મારારે. ચોક ૧

ૐકાર થકી ઇચ્છા શક્તિ બ્રહ્મા રૂદ્ર મોરારી, ત્રીગુણ માયા સઘળે ફેલાઈ; કીધા પુરૂષને નારી, જ્ઞાનની વાતોરે રૂદેમાં પ્રગટ હુવો. સમજ મન મારારે. ચોક ૨

મારૂં તારૂં મીથ્યા સઘળું મીથ્યા સૌ સંસારે, માત પીતા નહીં આવે સંગે કોઈ; મીથ્યા કુટંબ પરીવારે, માયા ધન દોલતરે. મીથ્યા સૌ છોડી જવો. સમજ મન મારારે ચોક ૩

સાચું નામ અંબાનું સમરો શીવલાલ કે મુળચંદ રંગીલદાશ કેહે આંગ ઉમંગથી બોલે માજીના છંદ; અમીચંદ કે છેરે માજી મારી મદત હુવો. સમજમન મારારે. ૪

છંદ ૩૩.

આરાસુરવાળીરે, અંબા તું છે મારી. ઉભો કરજોડીરે, કરૂં વિનંતી તારી, મુગટ છત્ર કાનોમે કુંડલ ગળે નવસેરો હારે; કર કંકન ખળકે છે ચુડો રત્ન કરે ચમકારે આભુવટ વીંછવારે કમર પટો છે ભારી. આરાસુર વાળીરે. ચોક ૧.

હડચી પર હીરો ચમકે, સુંદર મુખપર વાળી બાલ બાલ રહ્યા મોતી પોરાઈ; સોભે નાગણ કાળી રચી ખુબ ફુલનારે બીલા ફુલ હજારી, આરાસુર વાળીરે. ચોક ૨

જળસ્થળ મેરૂં પ્રગટ કીધાં માં, કીધા પવનને પાણી; સુંબ નીસુંભને રણમાં રોળ્યા, દેવતાની દયા આણી અંબે દયા.

જીરે, માત મારી ખપ્પર ધારી. આરાસુંરવાળીરે. ચોક ૩

સદા શરણુમાં રાખો તમારી હું બાળક છું તારો શીવલાલ કે રંગીલદાશને માજી પાર ઉતારો, અમીચંદ જોડીરે; છંદ બોલે લલકારી, આરાસુર વાળીરે. ચોક ૪

છંદ ૩૪

——:◯:o:◯:——

ગુણીજન ગાજોરે, સદા ગુણ અંબાતણા; ભુલી નવ જાશોરે, એના ગુણ છેરે ઘણા. હોંમ્ શબ્દ એક થયો કે ઉભા ઇચ્છા શકિત આપે, ત્રીગુણ માયા રચી રચના પળમે સૃષ્ટી થાપે; એવી મારી માજીરે, શોભાની નહીંમણા. ગુણી જન ગાજોરે. ચોક ૧.

સૃષ્ટી સારૂં શું શું કીધું, કેહેતા નહીં આવે પાર, આગળ રહીને કામ બનાવ્યા; વળી ન્યારાને ન્યારા; નીરંજન કે લાવેરે રચી ખુબ કરી રચના. ગુણીજન ગાજોરે. ૨

પ્રથમ ચરીત્ર ચંદીપાઠમે, ધર્યું વીષ્ણુએ ધ્યાને કરી વનંતી વીષ્ણું બોલે; મધુ કંઇત દમે મસ્તાને, પાંચ હુજારેરે વરસ જુદ્ધ કરે ઘણા. ગુણી જન ગાજોરે. ચોક ૩

આદ્ય શકિત અલબેલી અંબા કઇરા મોહીત મસ્તાને વિષ્ણું જઇને ઉભા રણમાં, લીધા દઇતના પ્રાણે; એવા કામ કીધારે અસંખ માએ દૈત હણ્યા, ગુણી જનગાજોરે. ૪

અરે મુરખ મનતુંના ભુલીસ ભુલતો નહીં લગારે, આદ્ય શકિતનું સમરણ કરજો ઉતરશો ભવપારે, હરનીસ કરેછેરે, અમીચંદ તારી રટણા. ગુણીજન ગાજોરે. ચોક ૫

છંદ ૩૫

કોણુ ઉતારે પાર, જનુની બીના કોણુ ઉતારે પાર, મને તારો આધાર; જનુંની બીના કોણ ઉતારે પાર. મન માયામાં મોહી રહો તો, ગુરૂ મીલા મને સાર; જ્ઞાન આપી મને શુણી કીધોમાં, આવ્યો તમારે દુવાર. જનુંની બીના કોણુ ઉતારે પાર. ચોક ૧.

પૂર્વ જનમને પુને કરીને, ગુરૂ મીલા મને સાર ભીતર; જેનું ભીજુું નથી તો, કયાંથી મીલેગા દુવાર. જનુંની બીના કોણુ ઉતારે પાર. ચોક ૨.

અલધી આઈ, ગાંધી બન બેઠે; ચેલા મુડી દો ચાર જ્ઞાન વિના ગુરૂ જે નરથાએ, જાએ નર્ક દુવાર. જનુની બીના કોણુ ઉતારે પાર. ચોક ૩.

પ્રેમે પ્યાલા દીધા ગુરૂએ પીધાં ઉતરવા પાર, અમીચંદ કે સર્વ ભક્તને માજી તારો આધાર; જનુંની બીના કોણુ ઉતારૂ પાર. ચોક ૪.

આરતી.

જય ખપ્પર ધારી, મા જય ખપ્પર ધારી, અનેક દૈત્યમાં હણ્યા; અનેક દૈત મા હણ્યા, છેતું સુખકારી ધંન ધંન ધંન અંબે. ૧ ચોહીત કરી મધું કંઇત, કીધા રણ પ્રાજે, માં કીધા રણ પ્રાજે, બ્રહ્માનું દુઃખ ભાંગ્યું બ્રહ્માનું દુઃખ ભાંગ્યું થયા સૌના કાજે, ધંન ધંન ધંન અંબે. ૨

દુર સુખ મને મારી, કાળર ચુર કીધો, મા કાળર ચુર

કીધો; ચીક્ષુના લીધા પ્રાણુ, ચીક્ષુના લીધા પ્રાણ મહીસાશુર ખીધો. ધંન ધંન ધંન અંબે. ૩ રૂપ ધરી અનેક મહીસાશુર આવે, મા મહીસાશુર આવે, પાડો થઈ રણ ઉભો; પાડો થઈ રણ ઉભો, યુદ્ધ મચાવે, ધંન ધંન ધંન અંબે ૪.

ક્રોધ કરીમા ધસ્યા બઈના વિકરાળે, મા બઈના વિકરાળે, ખડગ લઈ મા દોડયા; ખડગ લઈ મા દોડયા, મહીસાશુર ઝાલે, ધંન ધંન ધંન. અંબે ૫. ક્રોધે બની વિકરાળ, ચઈડા બહુ રીસે માં ચઈડા બહુ રીસે, માર્યો મહીસાશુર; માર્યો મહીસાસુર, ઉરાડયું શીસે, ધંન ધંન ધંન અંબે ૬

જય જય કરે સૌ દેવ, બોલે દેવ વાણી; મા બોલે દેવ વાણી બ્રહ્મા વિષ્ણું વખાણે બ્રહ્મા વિષ્ણું વખાણે; રૂદ્ર તું રૂદ્રાણી. ધંન ધંન ધંન અંબે. ૭ પુષ્પ વધાવે દેવ, પંચ શબ્દ ગાજે, મા પંચ શબ્દ ગાજે, દેવતાના દુઃખ કાપ્યાં દેવતાના દુઃખ કાપ્યાં આયપા મારાજે ધંન ધંન ધંન અંબે ૮

આરતી કરી આણંદે, જે કોઇ ગાશે, મા જે કોઇ ગાશે, સંકટ હરો મા તેના; સંકટ હરોમા તેના, કરજો બરદાશે. ધંન ધંન ધંન અંબે. ૯ અલ્પ બુદ્ધી અજાણ અમીચંદ તારો મા અમીચંદ તારો કીરપા કરીને હમને કીરપા કરીને હમને, ભવપાર ઉતારો. ધંન ધંન ધંન અંબે ૧૦

આરતી.

જય જય જગ કરતાં, મા જય જય જગ કરતાં,

આરતી ઉતારે સેવક; આરતી ઉતારે સેવક ભવના દુઃખ હરતા, ધંન ધંન ધંન અંબે. ૧ આદ્ય શક્તિ તું આપ, તખતપર ગાજે, મા તખત પર ગાજે; સજ્યા સોળે સણુગાર, સજ્યા સોળે સણુગાર, સીંગપર બિરાજે. ધંન ધંન ધંન અંબે. ૨ ધંન દીવસમાં આજ, થયું તારૂ દરસણુ મા થયું તારૂં દરશણુ, સફળ થયો જનમારો; સફળ થયો જનમારો. કરૂં તમને વંદન, ધંન ધંન ધંન અંબે. ૩

ગનનન બાજે ઘંટ ઝાંઝના ઝમકારે, મા ઝાંઝના ઝમકારે, નોબત વાગે ગીરગીરતાલ; નોબત વાગે ગીરગીર તાલ શોભા અપારે. ધંન ધંન ધંન અંબે. ૪ અખંડ ભોવનના ઈશ, તમેછો માતા, મા તમેછો માતા, અનેક નામે એકજ; અનેકનામે એકજ, તું ચંદી માતા. ધંન ધંન ધંન અંબે. ૫ સુદ્ધ કીધું સુંભ સાથે, લડતી શક્તિ બહુ રણુમાં, મા લડતી શક્તિ બહુ રણુમાં સુંભ વચનથી ખેંચી સુંભ વચનથી ખેચી, કીધું આકર્ષણ. ધંન ધંન ધંન અંબે ૬

થઈ એક રૂપ યુદ્ધ કરીને, શુંભના લીધા પ્રાણુ, મા સુભના લીધા પ્રાણ; દેવતાને રાજ આપ્યાં, દેવતાને રાજ આપ્યાં. થયા અંતર ધ્યાને ધંન ધંન ધંન અંબે. ૭

તુંહાંમ્ સોંહામ સુનકાર, સચરાચર વ્યાપી, મા સચરાચર વ્યાપી અમીચંદ કહે શેવક; અમીચંદ કહે શેવક, તુંહીં તુંહીં મા વ્યાપી ધંન ધંન ધંન. અંબે. ૮

જાહેરખબર.

ભાગ ૧લો તથા બીજો મળવાના ઠેકાણા.

ઝવેરી શા. અમીચંદ મોતીચંદ ઠે. આમલીરાનમાં.

અંબા માતાના દેહેરામાં.

ભજીઆવાળા ત્રીભોવનદાશ રાજારામની દુકાને ઠો. બરા-
નપોરી ભાગળે.

નંગ ઘસનાર રણછોડ ખુસાલદાશ ઠે. પરામાં ભુતફળીએ.